હકીકત પત્રક - નાઝી પ્રતીક પ્રતિબંધ

# 29 ડિસેમ્બર 2022 ના રોજ નવા ફોજદારી ગુના ની શરૂઆત થશે

**આ હકીકત પત્રક નવા કાયદા વિશે છે જે નાઝી પ્રતીક ના જાહેર પ્રદર્શન ને અપરાધ બનાવે છે જે શરૂ થાય છે 29 ડિસેમ્બર 2022 થી.**

## પૃષ્ઠભૂમિ

નાઝી પ્રતીક ના જાહેર પ્રદર્શન ને ગુનાહિત બનાવવાનો વિક્ટોરિયા ની સરકારનો નવો કાયદો 29 ડિસેમ્બર 2022ના રોજ થી શરૂ થશે. સારાંશ *અપરાધ સુધારો (નાઝી પ્રતીક પ્રતિબંધ) અધિનિયમ* 2022 (અધિનિયમ) ઇરાદાપૂર્વક નાઝી પ્રતીક ને જાહેરમાં પ્રદર્શિત કરવા માટે એક નવો સારાંશ ગુનો બનાવે છે (જે હેકેનક્રુઝ ના નામે પણ ઓળખાય છે.).

આ ગુનો સ્પષ્ટ સંદેશ મોકલે છે કે વિક્ટોરિયા નાઝી વિચારધારા ના સંબંધમાં આ પ્રતીક ના પ્રદર્શન ને સહન કરતું નથી. આવા જાહેર પ્રદર્શનો વિક્ટોરિયન સમુદાય ના સભ્યો ને નુકસાન પહોંચાડે છે.

બૌદ્ધ, હિંદુ, જૈન અને અન્ય ધર્મ સમુદાયો માટે સ્વસ્તિક ના સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ ને માન્યતા આપતા નવા કાયદામાં ઘણા અપવાદ છે. આ સમુદાયો માટે, સ્વસ્તિક એ શાંતિ અને સારા નસીબનું પ્રાચીન અને પવિત્ર પ્રતીક છે. આ ગુનો, સાંસ્કૃતિક અને ધાર્મિક હેતુ ઓ માટે સ્વસ્તિક (જે ભૂલથી નાઝી હેકેનક્રુઝ તરીકે ગણાય છે) ના પ્રદર્શન ને પ્રતિબંધિત કરતું નથી. આ ગુનો વાસ્તવિક શૈક્ષણિક, વૈજ્ઞાનિક અથવા કલાત્મક હેતુ ઓ માટે હેકેનક્રુઝ ના પ્રદર્શન ને પણ પ્રતિબંધિત કરતું નથી.

## નવા ગુના અંગે વધુ માહિતી નીચે આપેલ છે.

### 1. નાઝી પ્રતીક ના જાહેર પ્રદર્શન નો ગુનો શું છે?

ગુનો એ પ્રદાન કરે છે કે કોઈ વ્યક્તિ ફોજદારી ગુનો કરે છે જો તેઓ:

- ઇરાદાપૂર્વક જાહેર સ્થળે અથવા જાહેર દૃશ્યમાં નાઝી વિચારધારા નું પ્રતીક પ્રદર્શિત કરે, અને
- જાણે, અથવા વ્યાજબી રીતે જાણવા જોઈએ, કે પ્રતીક નાઝી વિચારધારા નું પ્રતીક છે.

ગુના માં ઘણા અપવાદ છે, જેમાં વાસ્તવિક શૈક્ષણિક, ધાર્મિક, અથવા કલાત્મક હેતુ ઓ માટે પ્રદર્શન વ્યાજબી અને સદ્ભાવના પૂર્વક બનાવવામાં આવે છે.

### 2. ગુનો કરવા માટે શું સજા છે?

જે વ્યક્તિ ગુનો કરે છે તેને નીચે મુજબ ની શિક્ષા થઈ શકે છે:

- અંદાજે $22,000 અથવા 120 પેનલ્ટી યુનિટનો દંડ,
- 12 મહિનાની કેદ, અથવા
- બંને

### 3. કયા નાઝી પ્રતીક પર પ્રતિબંધ છે?

આ ગુનો હેકેનક્રુઝ ના જાહેર પ્રદર્શન પર લાગુ થાય છે (જે વધુ વ્યાપક પણે નાઝી પ્રતીક તરીકે ઓળખાય છે). હેકેનક્રુઝ સાથે નજીકથી મળતા આવતા પ્રતીક પર પણ પ્રતિબંધ છે.



VICTORIA State Government
Justice and Community Safety

હેકેનક્રુઝ એ નાઝી વિચારધારા સાથે સંકળાયેલું સૌથી વધુ વ્યાપક પણે જાણીતું પ્રતીક છે અને વિક્ટોરિયન સમુદાયના સભ્યો પ્રત્યે ધિક્કાર ઉશ્કેરવા માટે ઉપયોગમાં લેવાતું સૌથી સામાન્ય પ્રતીક છે.

### 4. શું ધાર્મિક અને સાંસ્કૃતિક સ્વસ્તિક ના જાહેર પ્રદર્શન પર પ્રતિબંધ છે?

આ ગુનો વાસ્તવિક ધાર્મિક અથવા સાંસ્કૃતિક હેતુઓ માટે સ્વસ્તિક ના જાહેર પ્રદર્શન પર પ્રતિબંધ મૂકતો નથી. વિક્ટોરિયન સરકાર બૌદ્ધ, હિંદુ, જૈન અને અન્ય ધર્મ સમુદાયો માટે સ્વસ્તિક ના સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વને શાંતિ અને સારા નસીબના પ્રાચીન અને પવિત્ર પ્રતીક તરીકે ઓળખે છે.

સરકાર નીચે મુજબ સામુદાયિક શિક્ષણ અભિયાન પ્રદાન કરશે:

- ધાર્મિક અને સાંસ્કૃતિક સ્વસ્તિકની ઉત્પત્તિ વિશે જાગૃતિ ફેલાવવા,
- બૌદ્ધ, હિન્દુ અને જૈન સમુદાયો માટે તેના મહત્વને ઓળખાવવા,અને
- હેકેનક્રુઝ અને  સ્વસ્તિક વચ્ચેનો તફાવત સમજાવવા

### 5. શું કોઈ પણ સંજોગોમાં નાઝી પ્રતીક ના પ્રદર્શન ની મંજૂરી છે?

આ ગુનો આપણા સમુદાયમાં નફરત અને અ સહિષ્ણુતા ના સંદેશાઓ આપવા માટે નાઝી પ્રતીક ના જાહેર પ્રદર્શન ને લક્ષ્ય બનાવે છે. તેથી નાઝી પ્રતીક વાસ્તવિક હેતુ ઓ માટે પ્રદર્શિત થઈ શકે છે તે માન્યતા આપતા ગુના માં ઘણા અપવાદ છે.

જો વ્યક્તિ વ્યાજ બી અને સદભાવના થી નાઝી પ્રતીક પ્રદર્શિત કરે તો તે ગુનો કરશે નહીં:

- વાસ્તવિક શૈક્ષણિક, કલાત્મક, ધાર્મિક અથવા વૈજ્ઞાનિક હેતુ માટે
- સાચા સાંસ્કૃતિક અથવા શૈક્ષણિક હેતુ માટે
- કોઈપણ ઘટના અથવા જાહેર હિતની બાબતનો વાજબી અને સચોટ અહેવાલ બનાવવા અથવા પ્રકાશિત કરવામાં, અથવા
- નાઝી વાદ અથવા સંબંધિત વિચારધારા ના વિરોધ માં.

નાઝી પ્રતીક ટેટૂ (છુંદણા) પણ પ્રતિબંધ હેઠળ આવરી લેવામાં આવ્યાં નથી.

### 6. જો હું નાઝી પ્રતીક પ્રદર્શિત કરી શકું કે કેમ તે અંગે મને ખાતરી ન હોય તો શું?

વ્યક્તિઓ અને સંસ્થા ઓ એ સ્વતંત્ર કાનૂની સલાહ લેવી જોઈએ જો તેઓ નાઝી પ્રતીક ના સૂચિત જાહેર પ્રદર્શન ની પરવાનગી છે કે કેમ તે અંગે તેઓ અચોક્કસ હોય.

વિક્ટોરિયા કાનૂની સહાય વ્યક્તિઓને વિવિધ બાબતોમાં મફત કાનૂની સલાહ પૂરી પાડે છે. www.legalaid.vic.gov.au/contact-us પર તેમની વેબસાઇટ મારફતે તેમનો સંપર્ક કરો .

તમે 1300 792 387 પર ‘વિક્ટોરિયા લીગલ એઇડ’ ની ‘લીગલ હેલ્પ ફોન લાઇન’ પરથી કાયદા વિશે મફત માહિતી પણ મેળવી શકો છો. ફોન લાઇન સોમવારથી શુક્રવાર સુધી સવારે 8 થી સાંજે 6 વાગ્યા ની વચ્ચે ઉપલબ્ધ છે.

લૉ ઇન્સ્ટિટ્યૂટ ઑફ વિક્ટોરિયા (LIV) લીગલ રેફરલ સર્વિસ વ્યક્તિઓ અને સંસ્થા ઓ દ્વારા ઉપલબ્ધ કરી શકાય છે. LIV લીગલ રેફરલ સર્વિસ સ્વતંત્ર કાનૂની સલાહ આપવા માટે નિષ્ણાત સોલિસિટર ને શોધવા માં મદદ કરી શકે છે. LIV લીગલ રેફરલ સર્વિસ www.liv.asn.au/referral દ્વારા અથવા (03) 9607 9550 પર સંપર્ક કરી શકાય છે. પ્રારંભિક પરામર્શ નિઃશુલ્ક છે.

## 7. વિક્ટોરિયા પોલીસને ગુના નો અમલ કરવા માટે કઈ સત્તા ઓ છે?

પોલીસ એવી વ્યક્તિ પર આરોપ લગાવી શકે છે જેણે જાહેરમાં નાઝી પ્રતીક દર્શાવવા નો ગુનો કર્યો હોવાની શંકા છે. પોલીસ નીચે મુજબ પણ કરી શકે છે:

- જો તેઓ વ્યાજબી રીતે માને છે કે વ્યક્તિ ગુનો કરી રહી છે, તો કોઈ વ્યક્તિને જાહેર દૃષ્ટિકોણથી નાઝી પ્રતીકને દૂર કરવા માટે નિર્દેશિત કરે,
- મિલકત ના માલિક અથવા કબજેદારને નિર્દેશ કરે કે જ્યાં જાહેર દૃશ્ય માંથી પ્રતીક ને દૂર કરવા માટે નાઝી પ્રતીક પ્રદર્શિત થાય છે
- દિશા ને અનુસરીને જાહેર દૃશ્ય માંથી નાઝી પ્રતીક ને દૂર કરવામાં નિષ્ફળ વ્યક્તિ પર આરોપ મૂકવો. દંડ અંદાજે $1,800 અથવા 10 પેનલ્ટી યુનિટ છે.

આ ખાતરી કરે છે કે નાઝી પ્રતીક ના સતત જાહેર પ્રદર્શન ને કારણે વધુ નુકસાન ન થાય.

## 8. હું વિક્ટોરિયા પોલીસનો સંપર્ક કેવી રીતે કરી શકું?

જો તમે પોલીસને નાઝી પ્રતીક ના પ્રદર્શન ની જાણ કરવા માગતા હો, તો કૃપા કરીને તમારા સ્થાનિક પોલીસ સ્ટેશન નો સંપર્ક કરો અથવા 'ક્રાઇમ સ્ટોપર્સ' ને 1800 333 000 પર સંપર્ક કરો. જો રિપોર્ટ તાત્કાલિક જોખમ ના સંબંધમાં હોય, તો કૃપા કરીને ટ્રિપલ ઝીરો (000) પર સંપર્ક કરો.


VICTORIA State Government
Justice and Community Safety

## પ્રતિબંધિત નાઝી પ્રતીક (હેકેનક્રુઝ)







## અબાધિત પવિત્ર સ્વસ્તિક






